# પૂ. લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં :- ૭, તાઃ-૧૯-૮-૮૭
# ગાથા નં : - ૩૫૬ થી ૩૬૫ હિંમતનગર

આ શ્રી સમયસારજી શાસ્ત્ર છે. એની ગાથા ૩૫૬ થી ૩૬૫. દસ ગાથાનું એક ઝૂમખું છે દસ ગાથાનું. એની ટીકા અમૃતચંદ્રઆચાર્ય ભગવાન આત્મખ્યાતી નામની ટીકા કરતાં કહે છે, કે જ્ઞાનની પર્યાયના બે પ્રકાર પડે છે. એક નિશ્ચય અને એક વ્યવહાર. જ્ઞાન-જ્ઞાન છે ને પર્યાય છે જ્ઞાન છે એટલે. આત્મા છે તે દ્રવ્યરૂપ છે અને તેનામાં એક જ્ઞાન નામનો ગુણ છે તે ગુણરૂપ છે અને તે ગુણની અવસ્થાને પર્યાય કહેવામાં આવે છે. એ પર્યાયમાં જાણવાની ક્રિયા થાય છે. એ જાણવાની ક્રિયા જેની છે એટલે આત્માની છે તેને ન જાણતાં પરને જાણવા જાય છે તેમાં આત્મબુધ્ધિ થાય છે એને અજ્ઞાન ને મિથ્યાદર્શન કહેવામાં આવે છે.

એ જ્ઞાનની પર્યાય જયારે પરને જાણવાનું સર્વથા બંધ કરે છે. જ્ઞાનની પર્યાયમાં જાણવાની ક્રિયા તો થતી હતી. જાણવાની ક્રિયા રોકી શકાતી નથી. પણ જાણવાની ક્રિયામાં જે પર જણાતું હતું તે વિષય બદલી જાય છે. જે જ્ઞાન પરને જાણવા જતું હતું તે જ્ઞાનને પરમાત્મા અજ્ઞાન કહે છે. અજ્ઞાનનું કારણ શું છે કે પરને જાણતાં આત્માને જ્ઞાન પણ થતું નથી અને સુખ પણ થતું નથી. માટે પરને જાણવું તે અજ્ઞાન હતું.

હવે જયારે શ્રી ગુરુએ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું? તે જયારે શિષ્યોને બતાવે છે ત્યારે લાયક પ્રાણી, નિકટભવી આત્માઓ એ પોતાના જ્ઞાનની પર્યાયનો વિષય બદલાવી નાખે છે. મારી જ્ઞાનની પર્યાય તો આત્માની છે અને આત્માને ન જાણતાં પરને જાણવા જાય છે તે જ્ઞાનની પર્યાયમાં અજ્ઞાન થાય છે. વ્યવહાર નથી થતો પણ અજ્ઞાન થાય છે. વ્યવહારના નામે પણ તે પરને જાણવું છોડતો નથી. કે જ્ઞાન પરને જાણે તો વ્યવહાર તો છે ને? એ આત્માને જાણ્યા પહેલાં પરને જાણવું એ વ્યવહાર નથી પણ અજ્ઞાન છે. એ જયારે તેના કાન ઉપર વાત પડી કે વ્યવહાર નથી પણ અજ્ઞાન છે ત્યારે તે જ્ઞાનની પર્યાય વિષય બદલાવી નાખે છે. જે જ્ઞાન પરને જાણવા જતું હતું તે જ્ઞાન અંતરસન્મુખ થઈને આત્માને જાણવા આવે છે ત્યારે તે જ્ઞાનમાં જ્ઞાયક જાણનાર અભેદપણે જણાય છે જયારે, ત્યારે તે જ્ઞાનની પર્યાયનો વિષય શુધ્ધાત્મા અભેદપણે થાય છે, ત્યારે તે જ્ઞાનની પર્યાયનું નામ નિશ્ચયનય છે. એ વાત આચાર્યભગવાને જ્ઞાનની પર્યાયનો વ્યવહારનો નિષેધ કરીને, જ્ઞાનની પર્યાયના વ્યવહારનો નિષેધ કરીને જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું છે એ આપણને બતાવ્યું.

હવે શ્રધ્ધાની પર્યાયમાં પણ એક નિશ્ચય-વ્યવહારનો પ્રકાર ભજે છે. તેમાં પણ શ્રધ્ધાની જે પર્યાય છે એ દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રધ્ધા કરવામાં રોકાય છે તે શ્રધ્ધાની સમ્યક્પર્યાય નથી. પરદ્રવ્ય છે એમ શ્રધ્ધા કરવામાં રોકાય છે શ્રધ્ધાની પર્યાય, તે સમ્યગ્દર્શન નથી પણ મિથ્યાદર્શન છે. નવતત્ત્વો ભગવાને કહ્યા છે એની શ્રધ્ધામાં શ્રધ્ધાની પર્યાય રોકાય છે એ મિથ્યાદર્શન છે. તે શ્રધ્ધાનો પર્યાય જ નથી. જયારે શ્રધ્ધાની પર્યાયના વ્યવહારનો આચાર્યભગવાન નિષેધ કરાવે છે તે શ્રધ્ધાની પર્યાય તો આત્માની છે.

જેમ જ્ઞાન આત્માનું છે તેમ શ્રધ્ધાનો પર્યાય પણ (આત્માનો છે). આત્માનું શ્રધ્ધાન થાય છે. શ્રધ્ધાન જેનું છે તેનું થાય છે. શ્રધ્ધાન જેનું નથી તેનું શ્રધ્ધાન થઈ શકતું નથી. માને તો મિથ્યાદર્શન છે. એ શ્રધ્ધાની પર્યાયના વ્યવહારનો નિષેધ કરાવી અને શ્રધ્ધાની પર્યાયનો નિશ્ચય શું? આહા! દ્રવ્યનો નિશ્ચય તો જેણે ગુરુગમે  ખ્યાલમાં લીધો છે એવા લાયક પ્રાણીને પણ અનુભવ થવામાં બાધક પર્યાયનો વ્યવહાર તેનો જે પક્ષ, પર્યાયનો જે વ્યવહાર તેનો જે પક્ષ તે એને અનુભવ થવામાં બાધક છે.

એ આચાર્ય મહારાજ કરુણા કરીને કહે છે કે શ્રધ્ધાનો વિષય એક માત્ર શુધ્ધાત્મા જ છે. શ્રધ્ધાનો વિષય નવતત્ત્વ ને છ દ્રવ્ય ને દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રધ્ધાનો વિષય જ નથી. આહાહા! આ ભાઈ! જેને આત્માનો અનુભવ કરવો હોયને તેને માટેની વાત છે. આ વાદ-વિવાદ કરવાનો વિષય નથી. શ્રધ્ધાની પર્યાયના વ્યવહારના પક્ષમાં અટકેલો પ્રાણી અહીંયાં સુધી તો અનંતવાર આવ્યો. નવતત્ત્વનું શ્રધ્ધાન કર્યું-છ દ્રવ્યનું શ્રધ્ધાન કર્યું-કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનું શ્રધ્ધાન છોડી અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રધ્ધાન કર્યું. અને એમ માની લીધું કે મને સમ્યગ્દર્શન થઈ ગયું. એ મિથ્યાદર્શન છે. વ્યવહારશ્રધ્ધા પણ નથી. વ્યવહારશ્રધ્ધા પછી હોય. નિશ્ચયશ્રધ્ધા થાય તો દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રધ્ધાન વ્યવહાર. નવતત્ત્વનું શ્રધ્ધાન તેને વ્યવહાર કહેવામાં આવે છે. પણ જે શ્રધ્ધાની પર્યાયમાં શુધ્ધાત્મા પ્રતીતિમાં આવતો નથી કે હું જ્ઞાનાનંદ પરમાત્મા છું. આહાહા! એ શ્રધ્ધાની પર્યાયમાં શ્રધ્ધેય આત્મામાં આવતો નથી શ્રધ્ધેય તરીકે, જ્ઞાનમાં જ્ઞેય, શ્રધ્ધામાં શ્રધ્ધેય અને ધ્યાનનું ધ્યેય એ જ પોતાનું નિજ પરમાત્મદ્રવ્ય છે. પરમાત્માને જાણતાં જીવ પરમાત્મા થઈ જાય છે. પરમાત્માની શ્રધ્ધા કરતાં જીવ પરમાત્મા થાય છે. પરમાત્મામાં લીન થતાં આત્મા પરમાત્મદશાને પ્રાપ્ત થાય છે.

એ આચાર્યભગવાનને કરુણા આવી જંગલમાં, અને શ્રધ્ધાની પર્યાયનો વ્યવહાર તો બધા જાણે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રધ્ધાન એ સમ્યગ્દર્શન જ છે, એમ ચાલે છે આખા હિંદુસ્તાનમાં. એમ છે નહીં. આહાહા! એવું શ્રધ્ધાન તો અનંતવાર કર્યું, જૈનકુળમાં જન્મ્યો અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને તો છોડયા, ગ્રહિત મિથ્યાત્વ તો છોડયું. આહા! પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રધ્ધાન કે નવતત્ત્વનું શ્રધ્ધાન, આત્માના શ્રધ્ધાન વિનાનું તેને અગ્રહિત મિથ્યાત્વ કહે છે. કડક લાગે પણ અમૃત જેવી વાત છે.

વૈદરાજ પાસે રોગી આવે છે તેની નાડી તપાસતાં કહે છે કે આહા! આ તો આમાં, આના પેટમાં તો ગટર ભરી છે. આ કાંઈ સામાન્ય ગોળીથી રેચ થાય એવું નથી. (એટલે કે) પેટ સાફ થાય એવું નથી. એટલે તેને નેપાળો આપે છે નેપાળો. નેપાળો આક્રી ઔષધ છે. જરાક લ્યે એટલે બધો કચરો પેટમાંથી નીકળી જાય, ગટર સાફ થઈ જાય અને દુર્ગંધ વહી (દૂર થઈ) જાય. એમ આચાર્ય મહારાજને કરુણા થઈ છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધાનનો વિકલ્પ કે નવતત્વનું શ્રધ્ધાનનો વિકલ્પ ઊઠે છે તને, આહાહા! એ ગ્રહિત મિથ્યાત્વમાંથી તો તું છૂટયો. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના શ્રધ્ધાનમાં આવ્યો. પણ તેથી શું? તેથી શું? અભિમાન કરીશમા કે અમે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા કરીએ છીએ. અભિમાન કરીશમાં કે સર્વજ્ઞ ભગવાને કહેલાં છ દ્રવ્યોને અમે શ્રધ્ધામાં રાખ્યા છે. અભિમાન કરીશમા કે સર્વજ્ઞ ભગવાને કહેલાં નવતત્ત્વો ભેદની શ્રધ્ધા અમે કરીએ છીએ, અભિમાન છે તારું. એ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શનનો વિષય પર ન હોય. સમ્યગ્દર્શનનો વિષય દેવ, ગુરુ, શાસ્ત્ર પર ન હોય, સમ્યગ્દર્શનનો વિષય છ દ્રવ્ય ન હોય, સમ્યગ્દર્શનનો વિષય નવતત્ત્વનો ભેદ ન હોય. સમ્યગ્દર્શનનો વિષય તો અભેદ ટંકોત્કીર્ણ એક નિર્વિકલ્પ પરમાત્મદ્રવ્ય છે. આહા! એનું શ્રધ્ધાન અનંતકાળથી એક સમય માત્ર પણ એણે કર્યું નથી. વ્યવહાર શ્રધ્ધાન તો અનંતવાર કર્યું અને નવમી ગ્રૈવેયક સુધી પણ ગયો. આહાહા! સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના શ્રધ્ધાનથી, નવતત્ત્વના શ્રધ્ધાનથી કષાયની મંદતા થાય છે, શુભભાવ થાય છે અને સ્વર્ગમાં દુઃખી થવા માટે જાય છે. સ્વર્ગમાં દુઃખી થવા માટે જાય છે મિથ્યાદષ્ટિ. આહાહા!

શ્રોતા :- ...

ઉત્તર :- એટલે તો કહ્યું કે દુઃખી થવા માટે સ્વર્ગમાં જાય છે. બહાર ભાઈઓ બેઠા છે જુવાનીયાઓ, હસે છે. સમજી ગયા? આહા! એમકે લોકોને એવી ભ્રાંતિ થઈ ગઈ છે કે આપણે સ્વર્ગમાં જાય તો સુખી થાય. સ્વર્ગમાં કયાં સુખ છે? આચાર્યભગવાન તો પંચાસ્તિકાયમાં કહે છે, અરે! અરે! અત્યારે અમારો મોક્ષ થયો નહીં અને જરાક પંચમહાવ્રતના વિકલ્પનો રાગ આવે છે અમને, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગની ઉત્પત્તિ થાય છે તેના ફળમાં તો બળબળતા અંગારામાં શેકાવા માટે અમારે એકાદ ભવ સ્વર્ગમાં જાવું પડશે. રાગ છે એ અંગારો છે. 'રાગ આગ દહે સદા' શું છે આગળ?

શ્રોતા :- રાગ, આગ દહે સદા તાતે સમામૃત સેવીએ.

ઉત્તર :- સેવીએ. આ તો અપૂર્વ વાત આપણા મહા ભાગ્યયોગે ગુરુદેવનો જન્મ થયો અને સમયસારનો ઉકેલ તેમણે અનુભવથી કર્યો. અનુમાનથી નહીં, (શ્રોતા :- અનુભવથી). આહાહા! આચાર્યભગવાન દિગંબર સંતો, આત્માના અનુભવી, નિત્યઆનંદનું ભોજન કરનારા એવા ધર્માત્મા અલ્પકાળમાં પરમાત્મા થવાના છે, એકાદ ભવમાં. તેનું શાસ્ત્ર હાથમાં આવતાં આહાહા! 'આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે' સ્થાનકવાસીનો સંપ્રદાય અંદરમાંથી છૂટી ગયો અને દિગંબર સંપ્રદાયનો પક્ષ

આવ્યો. પહેલાં પક્ષ આવે છે, કે આ સંતોએ કહેલું આત્માનું સ્વરૂપ યથાર્થ છે. એમ અંદરમાંથી ભણકાર ને રણકાર જાગ્યો અંદરમાંથી અને આત્મા પણ જાગ્યો અને પછી અનુભવ થયો. એમાં કુંદકુંદઆચાર્ય ભગવાનનું સમયસાર આદિ શાસ્ત્ર એમને નિમિત્ત થયું.

તો કહે છે કે શ્રદ્ધાની પર્યાયના વ્યવહારનો, વ્યવહારનો પક્ષ જીવને અનાદિકાળથી છે. શ્રદ્ધાની પર્યાયનો વ્યવહાર હજી પ્રગટ નથી થયો. શ્રદ્ધાની પર્યાયના વ્યવહારનો પક્ષ એટલે અજ્ઞાન એ તો અનાદિકાળથી છે. એ કાંઈ નવી વાત (નથી.) પણ શ્રદ્ધાની પર્યાયમાં એ વિષય જ્યારે બદલે છે એ શ્રદ્ધાનો પર્યાય અંદરમાં જાય છે, ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ વિલય પામે છે. નવતત્ત્વના ભેદનો વિકલ્પ રહેતો નથી. એવી શ્રદ્ધાની પર્યાય અંતર સન્મુખ થઈ અને જ્યાં અનુભવમાં આત્મા આવ્યો ત્યાં જાણેલાની પ્રતીતિ થઈ ગઈ કે જાણવામાં આવ્યો જ્ઞાનમાં જ્ઞાયક, તે જ હું છું એવું શ્રદ્ધાન નિર્વિકલ્પ ધ્યાનમાં ઉદય પામે છે. આ તેનું નામ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શનની પર્યાયનો નિશ્ચય, એનો વિષય કેવળ શુદ્ધાત્મા છે, પરપદાર્થ છે નહીં. એ બતાવનારી આજે ગાથા આપણે ચાલશે. પહેલાં ભૂમિકા ઉપરથી જે હતું માલમાલ તે બધું કહી દીધું શોર્ટમાં. હવે તેમના શબ્દો દ્વારા આપણે અધ્યયન કરવું છે થોડું.

ખડીનું દૃષ્ટાંત પૂરું થઈ ગયું એમ સમજો. ખડીનું દૃષ્ટાંત હવે ફરીથી નથી લેવું. એકવાર કહી દીધું ખડીનું દૃષ્ટાંત એ બધી પર્યાયમાં લાગુ પડી જાય. પાનું ૫૦૯ પાંચમી લીટી. ચોથી લીટીમાં-**જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે.** ૫૦૯ પાના ઉપર પાંચમી લીટી.

**આ જગતમાં (ચેતયિતા)જાણનાર છે,** આહાહા! આચાર્યભગવાનને આ જગતમાં શું દેખાય છે? કે જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર છે. આહાહા! આ જગતમાં આત્મા કરનાર છે એવો આત્મા અમને દેખાતો નથી. કેમકે એવો આત્મા છે જ નહીં. હોય તો દેખાય ને અમને? રાગનો કરનાર અને દુઃખનો ભોગવનાર આત્મા તો અમને દેખાતો નથી. અમને તો બધા ભગવાનઆત્મા ચેતયિતા જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર આત્મા છે એમ દેખાય છે. અમારો આત્મા જાણનાર છે એમ દેખાણું એટલે બધાના આત્મા સ્વભાવે જાણનાર છે એમ અમને દેખાણું છે.

**આ જગતમાં,** (એટલે કે) આ લોકમાં **ચેતયિતા છે** એટલે કે **તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.** પહેલાં જ્ઞાનગુણથી ભરેલાં સ્વભાવવાળું દ્રવ્ય કહ્યું હતું. હવે અહીંયાં દર્શનગુણથી ભરેલાં સ્વભાવવાળું દ્રવ્ય છે. દર્શનના બે અર્થ કરશે. એક સામાન્ય અવલોકન દર્શનગુણ અને શ્રદ્ધાગુણ. તેમાં આપણે અત્યારે શ્રદ્ધાગુણની મુખ્યતાથી અધ્યયન કરવું છે. એ **પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દૃશ્ય છે.** આહાહા! શ્રદ્ધાનું શ્રદ્ધેય, દૃષ્ટાનું દૃશ્ય. દૃષ્ટા લ્યો તો જ્ઞાન, દર્શનની પર્યાય લેવી. અને શ્રદ્ધાનું શ્રદ્ધેય લઈએ ત્યાં શ્રદ્ધાની પર્યાય લેવી.

**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દશ્ય છે.** દષ્ટાનું દશ્ય છે અથવા શ્રદ્ધાનું શ્રદ્ધેય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એ વ્યવહારે શ્રદ્ધાનું શ્રદ્ધેય છે. નિશ્ચયે શ્રદ્ધેય (નથી.) કેમકે એને શ્રદ્ધતા-આત્માનો અનુભવ થતો નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન કરતાં પણ આત્મદર્શન થતું નથી. આહાહા! દર્શનની પર્યાયનો, શ્રદ્ધાની પર્યાયનો વ્યવહાર તો બધાએ જાણ્યો અને તેના પક્ષમાં રોકાણો. પણ શ્રદ્ધાની પર્યાયનો નિશ્ચય શું એના ખ્યાલમાં આવ્યો નહીં. અને ઉપદેશ પણ વિરલ ક્યાંક ક્યાંક શુદ્ધનયનો ઉપદેશ છે. બાકી તો આમ કરો તો ધર્મ થાય. જાત્રા કરો, તપ કરો, વ્રત કરો, પૂજા કરો, ભક્તિ કરો, આહા! સંઘ કાઢો. આહાહા! ભાઈ! એ બધો પરાશ્રિત વ્યવહાર છે. એ પરાશ્રિત વ્યવહાર સ્વઆશ્રિત નિશ્ચયનય વડે છોડવા જેવો છે. આહાહા! હવે જુઓ!

**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દશ્ય છે. હવે,** બે ભેદ કરે છે. હવે દર્શક એટલે દેખનારો અથવા શ્રદ્ધનારો. આત્મા દેખનારો પણ છે અને આત્મા શ્રદ્ધનારો પણ છે. હવે શ્રદ્ધનારો આત્મા છે તો કોને શ્રદ્ધે અને કોને ન શ્રદ્ધે? કોને શ્રદ્ધામાં લ્યે તો સમ્યગ્દર્શન થાય અને કોને શ્રદ્ધામાં લ્યે તો મિથ્યાદર્શન થાય. વ્યવહાર નહીં. (શ્રોતા :- શબ્દે શબ્દની કિંમત છે) કિંમત છે. હા!

**દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય)** દષ્ટાનું દશ્ય અને શ્રદ્ધાનું શ્રદ્ધેય-બહારના પદાર્થો વ્યવહાર. **દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?** તેનું શ્રદ્ધાન કરનારો આત્મા છે કે નહીં? આ પરપદાર્થ છે તેમ શ્રદ્ધા કરનારો આત્મા છે કે આત્મા છે એમ શ્રદ્ધા કરનારો છે? (શ્રોતા :- સાહેબ બેય રાખો ને) બગડે બે. બગડે બે, બેમાં બગડે છે. ગુરુદેવ કહેતા હતા કે એક્લો હતો ત્યાં સુધી તો સુખી હતો, પછી લફરું વળગ્યું. પછી બેના ત્રણ થયા, ત્રણના ચાર થયા, ચારના પાંચ થયા. બે ટાંગા હતા તો ચાર ટાંગા થયા, ચારના છ થયા એમ કરીને પછી કરોળીયો થઈ ગયો. એમ ગુરુદેવ ઘણું ઘણું (કહેતા હતા.) આહાહા! આ ગુરુદેવ કહેતા હતા. બધાએ સાંભળ્યું હશે.

એમ કે બે રાખોને? એકનું શ્રદ્ધાન કે બેનું શ્રદ્ધાન? શ્રદ્ધાન એકનું હોય, (અને) જ્ઞાન બેનું હોય. શ્રદ્ધાન એકનું અને જ્ઞાન પણ પ્રથમ તો એકનું અને પછી જ્ઞાન બેનું. આહાહા! આ તો અલૌકિક કોઈ સંતોની કલમ ચાલી છે જંગલમાં. નિત્ય આનંદનું ભોજન કરનારા. ક્ષણમાં છઠ્ઠું ગુણસ્થાન અને ક્ષણમાં સાતમું ગુણસ્થાન જેને આવે છે. આહાહા! એવા સમર્થ આચાર્યભગવંત. બેહજાર વર્ષ પહેલાં થયા. મહાવિદેહક્ષેત્રમાં જઈને અહીંયાં પધાર્યા, ત્યાં પધાર્યા હતા તેને પ્રત્યક્ષ દેખનારા જીવો પણ આ કાળમાં છે. આહાહા!

એ કહે છે કે **પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?** શ્રદ્ધા કરનારો શ્રદ્ધા કરે છે કે નહીં? તેનો છે કે નહીં? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે તો એ શ્રદ્ધાનો પર્યાય દેવ-ગુરુ-શાસ્ત્રનો છે કે શ્રદ્ધાનો

પર્યાય આત્માનો છે? જો શ્રદ્ધાનો પર્યાય દેવ-ગુરુ-શાસ્ત્રનો થઇ જાય તો શ્રદ્ધાની પર્યાયનો અહીંયાં વિચ્છેદ થઇ જાય. શ્રદ્ધાની પર્યાય નીકળી જાય અને ત્યાં ચોટી જાય. તો શ્રદ્ધાની પર્યાયનો અભાવ થતાં શ્રદ્ધાગુણનો અભાવ થાય. શ્રદ્ધાગુણનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય. આહાહા! શ્રદ્ધાની પર્યાય આત્માને છોડતી નથી અને પરદ્રવ્યના ભાવમાં જતી નથી.

**પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી? -એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે.** આહા! **જો ચેતયિતા,** એટલે જાણનારો દેખનારો આત્મા, **પુદ્‌ગલાદિનો,** પુદ્‌ગલાદિ છ દ્રવ્યનો, રાગનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ. આહાહા! શ્રદ્ધાનો પર્યાય છ દ્રવ્ય અને નવતત્ત્વનું શ્રદ્ધાન કરે એવો જે પર્યાય એનો હોય, આહા! શ્રદ્ધાની પર્યાય અહીંથી છૂટીને ત્યાં જાય અને તેની શ્રદ્ધા કરે તો શું થાય? વિચારીએ. કે આત્માનો નાશ થાય.

જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય આત્માના સ્વભાવને છોડતી નથી. નિજભાવમાં રહે છે. પરમાં જતી નથી પર્યાય. **હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ: 'જેનું જે હોય તે તે જ હોય'** આહાહા! આત્માનું શ્રદ્ધાન હોવાથી શ્રદ્ધાન તે આત્મા છે. આત્માનું શ્રદ્ધાન હોવાથી શ્રદ્ધાન તે આત્મા જ છે. જો નવતત્ત્વોનું અને છ દ્રવ્યોનું શ્રદ્ધાન હોય તો શ્રદ્ધાન તે છ દ્રવ્ય જ હોય. શ્રદ્ધાન તે નવતત્ત્વરૂપ જ થઇ જાય. પણ એમ તો કોઇ કાળે બનતું નથી અને બનવાનું પણ નથી. આહા!

**જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે.'** જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે.' અન્ય નથી. આત્માનું સમ્યગ્દર્શન હોવાથી સમ્યગ્દર્શન તે આત્મા જ છે. આત્માનું શ્રદ્ધાન હોવાથી શ્રદ્ધાન તે આત્મા જ છે. અનાત્મા નથી. જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે, પર્યાય તે દ્રવ્ય છે. અભેદનયે પર્યાયને દ્રવ્ય કહેવામાં આવે છે. કથંચિત અભેદ કહેવામાં આવે છે. કથંચિત તાદાત્મ્ય પણ કહેવામાં આવે છે.

**આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,** તાત્ત્વિક સંબંધ, પરમાર્થ સંબંધ ગોળ અને ગળપણને છે. ગોળમાં જે મલિનતા છે તેને તાત્ત્વિક સંબંધ નથી. મેલ તો નીકળી જાય છે સાકરમાંથી, પણ ગળપણ નીકળતું નથી. ગળપણની સાથે સાકરને નિત્યતાદાત્મ્ય સંબંધ હોવાથી તે બે વચ્ચે પારમાર્થિક, સત્યાર્થ સંબંધ છે, પણ મેલની સાથે સાકરને સત્યાર્થ પારમાર્થિક સંબંધ નથી. કેમકે જ્યારે કંદોઇ પતાસા બનાવે છે ત્યારે પાણીમાં ખાંડને ઉકાળે છે અને મેલ નીકળી જાય છે, પણ મેલ નીકળી જતાં કાંઇ ગળપણ નીકળી જાય? ગળપણ નીકળી જાય તો સાકર રહેતી નથી. આહાહા! અને મેલ સાકર થઇ જાય તો મેલ પોતે સાકર થઇ જાય તો મેલ મેલ નામને પામે નહીં-મેલ કોઇ દિવસ નીકળે નહીં. મેલ પારકી વસ્તુ છે.

રાગ પરાઇ વસ્તુ છે. જ્ઞાન તો સ્વ છે, પોતાનું. **આવો તાત્ત્વિક સંબંધ,** પારમાર્થિક સંબંધ, ધ્રુવ

સંબંધ, નિત્ય સંબંધ, વાસ્તવિક સંબંધ. દ્રવ્ય અને પર્યાય વચ્ચે વાસ્તવિક સંબંધ છે. જેવું સામાન્ય એવું વિશેષ, જેવું દ્રવ્ય તેવી તેની પર્યાય. એને બેને તાત્ત્વિક સંબંધ છે. આત્મા દેખનારો, જાણનારો છે. એની જ્ઞાનની પર્યાય થાય એ એનું તત્ત્વ છે. રાગની પર્યાય થાય તેની સાથે સંબંધ નથી. રાગ ભિન્ન છે આત્માથી. તાત્ત્વિક સંબંધ નથી. સંયોગ સંબંધ છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- ત્રણેકાળ. અત્યારે આ સાંભળવાનો વિકલ્પ છે તે આત્માની બહાર થાય છે અને જ્ઞાનની પર્યાય સાંભળવામાં રોકાય છે એ અજ્ઞાન છે. કેમકે જ્ઞાન તો આત્માનું છે અને આત્માને જાણવાનું છોડીને એ પર ઉપર લક્ષ કરે છે તો તેને વિકલ્પની ઉત્પત્તિ થાય છે. અનુભવ થતો નથી.

**તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી ચેતયિતા,** જાણનારો આત્મા **જો પુદ્‌ગલાદિનો હોય તો,** આહાહા! પરનો હોય તો? જાણનારો પરનો હોય તો? તો પર થઈ જાય. શ્રધ્ધાન કરનારો પરનો હોય, પરની શ્રધ્ધા કરે તો પરરૂપ શ્રધ્ધા થઈ જાય. તો શ્રધ્ધા તો પરરૂપ થતી નથી. આહા! શ્રધ્ધાની પર્યાય આત્માને છોડતી નથી.

**તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ). એમ હોતાં ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.** આહા! શું કહે છે? દૃષ્ટા જો દૃશ્યનું હોય, શ્રધ્ધાન કરનારો જો શ્રધ્ધેય પરપદાર્થનો હોય તો આત્માનો નાશ થઈ જાય. દ્રવ્ય સંક્રમણ થઈ જાય. શ્રધ્ધાનો પર્યાય દેવ-ગુરુ-શાસ્ત્રનો હોય તો એ શ્રધ્ધાનો પર્યાય દેવ-ગુરુ-શાસ્ત્ર જ હોય. કેમકે 'જે જેનું હોય તે તે જ હોય' મહા સિધ્ધાંત. આહા! ગુરુદેવ ફરમાવતા હતા કે વેપારીને આ અધ્યયન કરવાનો ટાઈમ મળતો નથી. કોણ જાણે મરીને ક્યાં જશે? કરુણા કરીને કહેતાં હતાં. કરુણા હતી. આહાહા! અરે અડધો કલાક, કલાક, બે કલાક સ્વાધ્યાય માટે ટાઈમ તો કાઢો! વેપાર કરવા માટે આઠ આઠ, દસ દસ કલાક ટાઈમ મળે, છાપા વાંચવા માટે ટાઈમ મળે, ટી.વી. જોવા માટે ટાઈમ મળે, ગપ્પા મારવા માટે ટાઈમ મળે પણ જેમાં આત્માનું હિત થાય એવો સ્વાધ્યાયનો એને ટાઈમ મળતો નથી. આહા! પછી અન્યમતિ કહે છે કે ધર્મરાજા જ્યારે તેડવા આવશે ત્યારે તું કહીશ કે મને અત્યારે મરવાનો ટાઈમ નથી, તો ચાલશે નહીં. અત્યારે નહીં કાલ આવજે. આહા! બોલો!

અત્યારે તો વેપાર કરીએ, મીઠાભાઈ! પણ એન્ડ ટાઈમે જ્યારે મરણ આવશે ત્યારે અમે કામ કરશું. આહાહા! એ સારી વાત આજ કરવા જેવી છે, ખરાબ વાત કાલ ઉપર છોડવા જેવી છે. જે વેપાર રોજગારમાં પાપના પરિણામ થાય તેને કાલ ઉપર રાખો અને જેમાં આત્મદર્શન થાય તેને આજ ઉપર રાખો ને? કાલ ઉપર શા માટે રાખો છો? આહા!

ગુરુદેવ ફરમાવતા હતા. કે જેમ વા વંટોળ વાવાઝોડું ઊભું થાય ત્યારે તણખલું નીચે જમીન ઉપર

પડયું હોય તે આમ ઊડે. તણખલું કયાં જશે ઉડીને તેનો કોઇ માપ અને કયાં જશે તેની ખબર નથી. એમ જો સોયમાં દોરો પરોવેલો ન હોય આહાહા! તો એ સોય કાંઇ મળશે નહીં. પણ દોરો ભરેલી સોય હોય ને કદાચ ચકલું લઇ ગયો હોય તો ઝાડ ઉપર દોરાવાળી સોય તેને દેખાશે. આહાહા! એમ એણે એક વખત આત્માનો અનુભવ કર્યો દોરો પરોવી લીધો તો એ આત્મા ખોવાવાનો નથી.

**એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો,** પોતાના આત્માનો **ઉચ્છેદ (નાશ) થાય પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ (નાશ) તો થતો નથી.** માટે તું શ્રધ્ધા છોડી દે. આહા! મિથ્યા છે તારી. **કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ** એટલે પલટો થવાનો **તો પૂર્વે જ,** ચેતન કોઇ દિવસ જડ થાય નહીં. **નિષેધ કર્યો છે. માટે એ સિધ્ધ થયું કે ચેતયિતા,** જાણનારો, **પુદ્ગલાદિનો,** છ દ્રવ્યનો, નવતત્ત્વનો **નથી. (આગળ વિચારીએ.)** કહે છે કે જો એનો નથી, શ્રધ્ધાનો વિષય પરપદાર્થ નથી. તો ચાલો હવે આગળ થોડો વિચાર કરીએ. તો શ્રધ્ધાનો વિષય શું છે? પરનો તો આપ નિષેધ કરો છો. તો શ્રધ્ધાનો વિષય તો બતાવો! દષ્ટાનું દશ્ય શું છે એ તો બતાવો! કોને દેખવો અમારે? પરને દેખવાનું અને પરને શ્રધ્ધાન કરવાનું તો તમે છોડાવ્યું. તો અમારે શ્રધ્ધાન કોનું કરવું? અમારે કોને દેખવો? ચાલો વિચારીએ. ચાલો વિચારીએ. ઊભો રાખે. ભવ્ય આત્માઓને ઊભા રાખે. નહીંતર તો ભાગી જાય. તમે ખોટા છો. ખોટાને ખોટો પણ ન કહેવાય. તમે સાચી સમજણ કરો એમ કહેવાય. તમે ખોટા છો એમ ન કહેવાય. શું કહેવાય? તમે સાચી સમજણ કરો. એમ ન કહેવાય કે તમે ખોટા છો પહેલાથી. તો ભાગી જાય (તે) ઊભો ન રહે. રજની! ઊભો રહે કોઇ? કેમકે માનકષાય બહુ છે. આ મને ખોટો કહ્યો? માન મારી નાખે છે. શ્રીમદ્દે કહ્યું, કે જો અહીંયાં માન ન હોત તો અહીંયાં જ મોક્ષ હોત. માટે માની જીવને પણ એના હિતને માટે થોડુંક માન આપીને, આવો આવો ભાઇ! આવો. આ વાત સમજવા જેવી છે. તમે સમજયા છો એ ખોટું ન કહેવાય. તમે કરો છો એ અજ્ઞાન છે ને કર્મ બંધનું કારણ છે. એ જાણતાં હોવા છતાં ન કહેવાય. સાચી સમજણ કરવા જેવી (છે). સાચું જ્ઞાન, સાચું શ્રધ્ધાન કરો.

ઘીના ઘડાનું ન કહ્યું? ઘીનો ઘડો! એને એમ ન કહ્યું કે તું ખોટો છો. માટીનો ઘડો હોય ઘીનો ઘડો ન હોય. એમ ન કહ્યું. બેસ! ઘીનો ઘડો. ત્યાં તો બેસી ગયો. કેમકે પોતાની માન્યતા પ્રમાણે વચન આવ્યું. પણ વચન હજી અધુરૂં છે. પણ સાંભળવા તો બેઠો, ઘીનો ઘડો 'છે તે માટીમય છે' ઘીમય નથી. આંખ ઉઘડી ગઇ. આહાહા! એમ રાગી જીવ, રાગી જીવ, રાગી જીવ એમ કરતો હતો. રાગી જીવ બેઠો રહે સાંભળવા! હું રાગી જીવ માનું છું અને ગુરુ પણ રાગી જીવ કહે છે. રાગી જીવ છે એમ કયાં તને કહ્યું? રાગી જીવ એટલું જ કહ્યું. રાગી જીવ છે એમ ગુરુ કહે? રાગી જીવ તો કહ્યો કે નહીં? કહ્યું શું કામ કે નિષેધ કરવા માટે. રાગી જીવ વ્યવહાર શા માટે કહેવાય?

એક વખત મુંબઇમાં પ્રશ્ન થયો હતો. શાંતિભાઇ ઝવેરીને ઘરે બધા બેઠા હતા. એમાં એક

અન્યમતિ જ કહેવાય ને? બોલાય નહીં આપણાથી પણ અન્યમતિ આવ્યા હતા. નામ નિક્ષેપે તો જૈન. (મને કહે) સમર્થ-સમર્થ આચાર્યભગવંતોએ પણ વ્યવહારનય તો દર્શાવ્યો છે. મેં કીધું હા.. ત્યાં તો ખુશી થઈ ગયો. હં.. અમારું આવ્યું, તમારું આવ્યું મોત! અમારું શું આવ્યું? કે સમર્થ આચાર્યભગવંતોએ વ્યવહાર દર્શાવ્યો છે. મેં કીધું બરાબર છે, દર્શાવ્યો છે, પણ નિષેધ કરવા માટે દર્શાવ્યો છે. આ બધું શાસ્ત્રમાં છે હો! મારા ઘરની વાત નથી.૨૭૨ ગાથામાં છે. નિશ્ચયનય વડે વ્યવહારનો નિષેધ કરજે. કાઢો ને? આપણે શાસ્ત્ર અહીં છે ને? આપણે ક્યાં ઘરની વાત છે? મુરબ્બી રામજીભાઈ વકીલ હતા ને? આપણા પ્રમુખ કોર્ટમાં જાય પછી જજને આધાર આપે. આધાર આપે (એટલે) ઠંડો પડી જાય. એમ આધાર આપે તો શ્રધ્ધા થાય. કાઢો. ૨૭૨ ગાથા. ....ની વાત કરી છે ને તે. આહા! વ્યવહારનો પક્ષ જીવને મારી નાખે છે. વ્યવહાર એકલો મારતો નથી. એ તો વ્યવહારનો પક્ષ મારે છે. વ્યવહાર એકલો મારતો નથી. સ્વરૂપમાં ન ટકાય તો પાંચ મહાવ્રતના પરિણામ વ્યવહારના આવે. પણ તેમાં, આહાહા! શ્રધ્ધા કાયમ રહે છે. ચારિત્રનો દોષ થાય છે. પણ વ્યવહારનો પક્ષ એ રાગથી ધર્મ થાય ને પુણ્યથી ધર્મ થાય, પુણ્યનો મહિમા આવી જાય. પુણ્યથી લાભ થાય એ તો મિથ્યાત્વનો દોષ છે. જુઓ! ૨૭૨.

**વ્યવહારનય એ રીત જાણ નિષિધ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.**

આહાહા! નિશ્ચયનય વડે મુનિવરો નિર્વાણની પ્રાપ્તિ કરે છે. એમ મિથ્યાદષ્ટિ નિશ્ચયનય વડે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે. આહાહા! **ટીકા :- આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે.** જે સ્વને પ્રસિધ્ધ કરે છે એ જ્ઞાનનું નામ નિશ્ચયનય સત્યાર્થનય છે. **પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે.** રાગ પરાશ્રિત છે. માટે તે વ્યવહાર છે.

**ત્યાં, પૂર્વોકત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન)** જે મિથ્યાત્વ છોડાવ્યું છે. સ્વ અને પરની એકત્વબુધ્ધિરૂપ મિથ્યાત્વ છોડાવ્યું છે, અધ્યવસાન છોડાવ્યું છે પ્રથમ. પ્રથમ અધ્યવસાન છોડાવ્યું છે. કેમકે અધ્યવસાન પરાશ્રિત છે. તે **બંધનું કારણ હોવાને લીધે,** અધ્યવસાન એટલે રાગ અને આત્મા બેય ભિન્ન હોવા છતાં એક માનવા. દેહને આત્મા માનવો, તે આત્મા જ્ઞાતા હોવા છતાં આત્માને દેહ, મન, વાણીની ક્રિયાનો કરનારો માનવો એ બધો તેને મિથ્યાત્વનો દોષ એકત્વબુધ્ધિ થાય છે, તેનાથી જીવને બંધ થાય છે. ભાવબંધ અને નિમિત્તપણે દ્રવ્યકર્મનો બંધ થાય છે. તે **બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને,** આહાહા! માત્ર મોક્ષ અભિલાષ. મુમુક્ષુ કોને કહેવાય? આહા! સંયોગની અભિલાષા કરે તે મુમુક્ષુ નથી. પુણ્યને ઈચ્છે તે મુમુક્ષુ (નથી). પુણ્યને ઈચ્છે તે મુમુક્ષુ નથી, પુણ્યના ફળને ઈચ્છે તે મુમુક્ષુ નથી, સ્વર્ગને ઈચ્છે તે મુમુક્ષુ નથી, માનને ઈચ્છે તે મુમુક્ષુ નથી. મુમુક્ષુ એટલે માત્ર મોક્ષ અભિલાષ. આ શ્રીમદ્જીનું વાક્ય છે. માત્ર

આત્માર્થી તું માત્ર. આહાહા! મુકત એવા આત્માનું અવલંબન કરતા આ પર્યાય મુકત થઈ જાય છે.

એવો **મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતાં,** પ્રથમ મિથ્યાત્વનો નિષેધ કરતાં **એવા નિશ્ચયનય વડે,** જેમ નિશ્ચયનય વડે મિથ્યાત્વનો અભાવ થાય છે. એમ નિશ્ચયનય વડે પરાશ્રિત વ્યવહારનો પણ અભાવ થાય છે. એમ સર્વજ્ઞ ભગવાનને કહેવું છે એમ અમે જાણીએ છીએ. બે વાત અહીં ભગવાન કરે છે, જુઓ! અદ્ધરથી વ્યવહારનો નિષેધ ન થાય. નિશ્ચયનય વડે (જ) નિષેધ થાય. ગ્રહણપૂર્વક ત્યાગ હોય. આ સોનગઢના સંતે કાંઈ ત્યાગની વાત તો કરી નહીં. અરે! ત્યાગની વાત તેણે કરી (છે તે) તે સાંભળી નથી. આહાહા!

પહેલાં હું પરપદાર્થનો સ્વામી છું એવી સ્વામીત્વબુધ્ધિ છૂટી જવી તેને ત્યાગ કહેવામાં આવે છે. સંયોગ ન છૂટે, સંયોગીભાવ છૂટે અને સ્વભાવભાવ પ્રગટ થાય. સ્વભાવભાવનું ગ્રહણ કરતાં સંયોગીભાવમાં આત્મબુધ્ધિ છૂટે તેને ગ્રહણપૂર્વક ત્યાગ કહેવામાં આવે છે. આહા! એક જૈના વોચ કંપનીવાળા દિલ્હીમાં પ્રેમચંદજી છે. મોટા કરોડપતિ છે. એને ત્યાં હું ૧૮-૨૦ દિવસ રોકાણો હતો. રાત્રે રોજ ચર્ચા ચાલે. એની માતા અત્યારે ગુજરી ગયા માતુશ્રી પણ વ્યાખ્યાનમાં આવતા હતા લાલ મંદિરમાં. ઘણા વર્ષ પહેલાંની વાત છે. ત્યારે આ વિષય લીધો, ગ્રહણપૂર્વક ત્યાગ હોય. ગ્રહણ વિના ત્યાગ હોય શકે નહીં. ગ્રહણ સાપેક્ષ ત્યાગ હોય. ગ્રહણ નિરપેક્ષ ત્યાગ તે ધર્મનો ત્યાગ. એ વિસ્તારથી વાત કરી. ઘરે જઈને મને કહ્યું, પંડિતજી! મનમાં કીધું હું પંડિત તો નથી. હું તો વેપારી છું. પણ જે વાંચે તેને પંડિત કહેવાય હિન્દુસ્તાનમાં. પંડિતજી! આ વાત તો મેં મારી જીંદગીમાં આજે સાંઈઠ વર્ષમાં પહેલી સાંભળી કે આપણા ધર્મમાં ગ્રહણપૂર્વક ત્યાગ હોય. અમે તો ત્યાગ (એટલે) આ ત્યાગ કરો, આ ત્યાગ કરો, આ ત્યાગ કરો. બધા ત્યાગની વાત કરવા (માંડયા છે.) આહાહા! પછી ઘણી વાત એણે કરી. ઘણા ચોકા લગાવ્યા, ઘણું આમ કર્યું. ઘણું કર્યું. એની રીતે. જે રીતે એનો વ્યવહાર(હોય.) પણ આજ સુધી કોઈ ત્યાગી વર્ગે પણ, ત્યાગની વાત કરી પણ ગ્રહણની વાત (કોઈએ કરી નથી.) ક્રોધ છોડો, માન છોડો, માયા છોડો, લોભ છોડો, માન છોડો, ફલાણું છોડો, ઘરબાર છોડો, કુટુંબ છોડો, છોડો, છોડો. પણ ગ્રહણ કોનું કરવું? એ વાત પંડિતજી! આજ સાંઈઠ વર્ષે જૂના કાને નવી વાત સાંભળી મને બહુ પ્રમોદ આવ્યો. આહાહા!

ગ્રહણપૂર્વક ત્યાગ આ સમયસારમાં લખેલું છે બધું. આ વાત સમયસારમાં છે. ગ્રહણપૂર્વક ત્યાગ હોય. સમ્યગ્દર્શનના ગ્રહણપૂર્વક મિથ્યાત્વનો ત્યાગ, સ્વરૂપમાં વિશેષ રમણતાપૂર્વક અવ્રત, કષાયનોત્યાગ, વિશેષ લીનતાપૂર્વક કષાયનો ત્યાગ અને પૂર્ણ લીનતાપૂર્વક યોગનો ત્યાગ ને અયોગી જિન કેવળીપરમાત્મા બની જાય છે. આહા! ગ્રહણપૂર્વક ડિગ્રી ટુ ડિગ્રી ગ્રહણ. જેટલી માત્રામાં સ્વભાવનું ગ્રહણ કરે તેટલી માત્રામાં વિભાવ ચાલ્યો જાય. એને ત્યાગ કર્યો (કહેવામાં આવે છે.) તે પણ નામ માત્ર છે. આહાહા!

જ્ઞાન પ્રત્યાખ્યાન છે. જ્ઞાનમાં પરને પર જાણ્યું તેનું નામ (પ્રત્યાખ્યાન). એ વાત છે. અદ્ધરથી વ્યવહારનો ત્યાગ ન થાય. ગ્રહણપૂર્વક ત્યાગ થાય. માટે નિશ્ચયનય વડે વ્યવહારનો નિષેધ થાય છે. સ્વઆશ્રિત. શાસ્ત્રમાં પાઠ છે. જેમ જેમ આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે તેમ તેમ તે આત્મા આસ્રવોથી નિવર્તે છે. એનો પણ અનુક્રમ છે. પહેલું મિથ્યાત્વનું પ્રતિક્રમણ, પછી અવ્રત, કષાય ને યોગનું તેમાં પણ ક્રમ છે. મિથ્યાત્વ કાયમ રાખી અને અવ્રતનું પ્રતિક્રમણ કરવા બેસે તે પ્રતિક્રમણ નથી. આહાહા! પણ અભ્યાસ જીવ કરતો નથી. આ બધું ગુરુદેવના પ્રતાપે આટલો અભ્યાસ બહાર આવ્યો ને સમજનારા જીવો પણ નીકળ્યા છે. જીજ્ઞાસુ જીવો નીકળ્યા. આહાહા! આ હિંમતનગરમાં આટલા બધા-આટલા બધા હશે એ તો સ્વપ્ને પણ મને પણ ખ્યાલ ન આવત. માણસ ચિક્કાર થઈ જાય છે. બોલો! આત્માની વાત છે. પ્રમુખશ્રીએ બહાર બોર્ડ માર્યું છે. વિકથાની સખ્ત મનાઈ છે. આત્મકથા કરો, ધર્મકથા કરો. આ સ્વાધ્યાય મંદિર છે. બીજું કાંઈ અહીંયાં હોય શકે નહીં. કોઈની ટીકા-ટીપ્પણી નહીં. આત્માની વાત.

**એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે.** અધ્યવસાનનો તો નિષેધ કરાવ્યો છે. પરાશ્રિત છે. એમ અમે તેના ઉપરથી એમ કાઢયું કે પરાશ્રિત સઘળોય વ્યવહાર અસ્થિરતાનો રાગ એનો પણ ભગવાન નિશ્ચયનય વડે નિષેધ કરાવે છે. આહાહા! **નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે.** શું કહ્યું?

**નિશ્ચયનય વડે,** સ્વઆશ્રિત નિશ્ચયનય વડે **ખરેખર** પરાશ્રિત **વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે**. નિષેધ શબ્દ છે. આહાહા! નિષેધ શબ્દ દ્વેષવાચક નથી, ઉપેક્ષાવાચક છે. નિષેધ શબ્દ દ્વેષવાચક નથી અને વિધિ શબ્દ રાગવાચક નથી. વીતરાગમાર્ગમાં કોઈના પ્રત્યે દ્વેષ ન હોય. પરિણામ પ્રત્યે દ્વેષ ન હોય. તો પછી પર પ્રત્યે દ્વેષની કયાં વાત કરવી આહા! બધા ભગવાનઆત્મા છે. **નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે. કારણ કે વ્યવહારનયને પણ,** એમ. અધ્યવસાનને અને વ્યવહારનયને પણ સાધક થયા પછીની વાત. પહેલાં અધ્યવસાન છૂટે ત્યારે તો સાધક થાય અને સાધક થયા પછી વ્યવહારનયનો વિષય જવા માટે આવી જાય, જવા માટે આવે ખરો. ગુણસ્થાનની પરિપાટી પ્રમાણે શુભભાવ આવે. પણ એ જવા માટે છે. રહેવા માટે નથી.

એમ **વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે.** આ જેમ અધ્યવસાનને પરાશ્રિતપણું છે એમ સઘળાય વ્યવહારને પરાશ્રિતપણું સમકક્ષી ભાવ છે. બેય ત્યાજય છે. બેમાંથી કોઈ ગ્રાહ્ય નથી. ગ્રાહ્ય તો એક પોતાનો શુદ્ધાત્મા છે. આહાહા! રાગાદિ બધું ત્યાજય છે. **(-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;** તો કહ્યું હતું ને? કે સમર્થ આચાર્યભગવાને વ્યવહારનય દર્શાવ્યો છે.

મેં કીધું બરાબર છે, દર્શાવ્યો છે. ખુશી ખુશી થઈ ગયો. પણ વાક્ય હજી અધુરૂ છે. મેં ક્યાં પૂરું કર્યું છે? બેઠો, એટલા માટે બેઠો. નહીંતર તો ઊભો થઈને ચાલ્યો જાત. બેઠો સાંભળવા પૂરૂં વાક્ય એમ કે, વ્યવહારનય દર્શાવ્યો છે પણ નિશ્ચયનય વડે નિષેધ કરવા માટે દર્શાવ્યો છે. એ શબ્દો આમાંથી નીકળે છે, જુઓ! આમાં છે કે નહીં? આહાહા!

**આ વ્યવહારનય એ રીતે નિષધવાયોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ,** આત્માનું અવલંબન લેનારા આત્માઓ, શુધ્ધ આત્મામાં લીન થનારા આત્માઓ નિર્વાણની પ્રાપ્તિ કરે છે. આહાહા!

શ્રોતા :- અમને તો પ્રશ્ન થાય છે કે આત્માનો અનુભવ ન થાય ત્યાં સુધી શુભભાવ કરવો કે ન કરવો?

ઉત્તર :- ત્યાં સુધી જેવો આત્મા છે એવો જાણવામાં રોકાવું. શુભભાવ કરવો કે ન કરવો એ બેમાંથી કાંઈ નથી. આવે તેને ભિન્ન જાણવું. આવે તેને (ભિન્ન જાણવું.) આ રાગ આસ્રવતત્ત્વ છે, મારાથી જુદો છે. મારી ચીજ નથી. **કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ,** સમ્યક્ એકાંત. કાંઈક થોડોક આત્માનો આશ્રય અને કાંઈક થોડોક પરનો આશ્રય. આહાહા! સમ્યગ્દર્શન માટે થોડોક આત્માનો આશ્રય અને થોડોક સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય એમ છે નહીં. આહાહા! અરે! તો તો બધા વ્યવહારનો લોપ થઈ જશે. અરે! વ્યવહારનો લોપ થઈ જશે તો નિશ્ચય પ્રાપ્ત થઈ જશે. લે. કાંઈ તને નુકસાન નહીં થાય. આ લોપ કરવાની તો વાત કરે છે.

પહેલો નિશ્ચયનય વડે વ્યવહારનો તો લોપ-નિષેધ કહો કે લોપ (કહો) એક જ વાત છે. પણ વ્યવહારની મીઠાશ અહીંયાં ગળે વળગી છે મીઠાશ, ઝેર છે. આહાહા! ભાવમરણ થાય છે સમયે, સમયે. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો.' આહાહા! અનંત અનંતવાર પુણ્ય કર્યું, નવમી ગ્રૈવેયકમાં પણ ગયો પણ ભવચક્રનો આંટો એક પણ ન ટળ્યો. આહાહા! પુણ્ય કરતાં તો આવડે છે પણ ધર્મ કરતાં આવડતો નથી. ધર્મ કેમ થાય એ જેને ધર્મ થયો હોય તે શીખડાવે છે, જ્ઞાનીઓ.

**આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે;** ભાવકર્મ અને દ્રવ્યકર્મથી એ મુક્ત થઈ જાય છે, સંતો. **અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો,** નિશ્ચયનો આશ્રય છોડી દે, **પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો,** એકાંતે એટલે સર્વથા નહીં મુકત થતો **એવો અભવ્ય પણ કરે છે.** વ્યવહારનું અવલંબન તો કરે છે. પાંચમહાવ્રત નિરતિચારપણે અઠયાવીસ મૂળગૂણ પાળે છે. પણ એનો મોક્ષ થતો નથી. કેમકે બંધનું કારણ છે.

આચાર્યભગવાને વ્યવહારનય દર્શાવ્યો છે ને? હા.. દર્શાવ્યો છે પણ નિષેધ કરવા માટે દર્શાવ્યો

છે. આદર કરવા માટે વ્યવહાર છે નહીં. તેમ દ્વેષ કરવા માટે પણ વ્યવહાર નથી. એ ધ્યાન રાખજો. દ્વેષ કરવા માટે પણ વ્યવહાર નથી. કોઈને ઉપવાસનો વિકલ્પ આવે તો આવો. એને જાણો. આહાહા! એના પ્રત્યે રાગ પણ ન કરવો અને દ્વેષ પણ ન કરવો. જાણનાર છે આત્મા. રાગ અને દ્વેષ પ્રત્યે પણ- રાગ પ્રત્યે રાગ નથી અને દ્વેષ પ્રત્યે દ્વેષ નથી. બેનો જ્ઞાતા છે, ભગવાનઆત્મા તો જાણનાર જાણનાર છે. જુઓ નીચે છે.

**ચેતયિતા પુદ્ગલાદિનો નથી. આગળ વિચારીએ.** ત્યાં સુધી આપણે આવ્યા હતા. **જો ચેતયિતા,** એટલે જાણનારો આત્મા, આ જ્ઞાયક આત્મા, જ્ઞાતા-દૃષ્ટા આત્મા **પુદ્ગલાદિનો નથી**. પુદ્ગલનું શ્રધ્ધાન કરનારો નથી. **તો ચેતયિતા** એટલે જાણનાર, દેખનાર એવો આત્મા. **કોનો છે?** આહાહા! શ્રધ્ધાન કરનારો આત્મા કોનો છે? કોનું શ્રધ્ધાન કરનારો છે? **ચેતયિતાનો જ ચેતયિતા છે.** આહા! આત્માનો જ આત્મા છે. શ્રધ્ધા કરનારો આત્મા શ્રધ્ધેય એવા આત્માનો છે. શું કહ્યું? શ્રધ્ધા કરનારો આત્મા શ્રધ્ધેયભૂત આત્મા એનો છે. આત્મા આત્માનો છે. શ્રધ્ધા કરનારો આત્મા કોનો છે? કે આત્માનો છે. તો કહે છે કે બે આત્મા થઈ જશે. એમાં શ્રધ્ધા પ્રગટ થતી નથી.

અહીંયાં સુધી મિથ્યાત્વનો અંશ જીવતો રહે છે. અહીંયાં સુધી અનંતાનુબંધી રાગ ઉભો થાય છે. અભેદ ન થાય ત્યાં સુધી. આહાહા! ઘણો પ્રયત્ન માગે છે. લાભ બહુ મોટો છે. લાભ બહુ મોટો છે. **ચેતયિતાથી જુદો એવો બીજો કયો ચેતયિતા છે,** આત્માથી જુદો શ્રધ્ધા કરનાર અને શ્રધ્ધેય. શ્રધ્ધા કરનારો આત્મા અને શ્રધ્ધેય થનારો આત્મા. કરનારો અને થનારો. બે આત્મા તો છે નહીં. આહાહા! તો શું છે? પ્રશ્ન થાય. **ચેતયિતાથી જુદો એવો બીજો કયો ચેતયિતા છે?** જાણનારથી જેને જાણે છે એવો જુદો બીજો કયો આત્મા છે? **કે જેનો (આ)** જાણનાર આત્મા **ચેતયિતા છે?** કહે છે **ચેતયિતાથી** એટલે જાણનાર-દેખનાર આત્માથી જુદો **અન્ય કોઈ ચેતયિતા** આત્મા નથી. એ પોતે જ છે. જે જાણનાર-દેખનાર આત્મા છે એ પોતે જ છે. એ બીજો બીજાનો છે એમ છે નહીં. બે આત્મા નથી. એક જ આત્મા છે.

**પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશોના,** આહાહા! શું કહ્યું? અહીંયાં સુધી વ્યવહાર ઊભો થાય છે. શ્રધ્ધાની પર્યાયમાં એમ આવ્યું કે પ્રતીત કરવાયોગ્ય હોય તો મારો શુધ્ધાત્મા જ પ્રતીત કરવાયોગ્ય છે, શ્રધ્ધા કરવાયોગ્ય, રુચિ કરવાયોગ્ય, રુચિ કરવાયોગ્ય હોય તો મારો એક આત્મા જ છે. એમ રુચિની પર્યાયનો વિષય આત્મા. ત્યાં સુધી આવ્યો. કહે છે કે, બે સ્વસ્વામીસંબંધ ભેદ વિકલ્પના અંશો એ વ્યવહાર ઊભો થયો તેમાં સાધ્યની સિદ્ધિ નથી. તેમાં સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શનનો વિષય પર માને તો તો સમ્યગ્દર્શન ન થાય પણ સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય આત્મા છે એટલો ભેદ ખ્યાલમાં આવે તોપણ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ અનુભવ આત્માને આવતો નથી. આનંદ આવતો નથી. આહાહા!

શ્રોતા :- એવો વ્યવહાર લજ્જાય છે.

ઉત્તર :- .. નથી આવતી! એવો ભેદ કરશ! આહાહા! તને લાજ-શરમ નથી આવતી? આત્મા આત્માને જાણે છે. આત્મા આત્માને નથી જાણતો ત્યારે આત્મા જણાય જાય. આત્મા આત્માને જાણે છે ત્યાં સુધી આત્મા ન જણાય. આત્મા આત્માને નથી જાણતો ત્યારે આત્મા આત્માને જાણે છે એવો ભેદ નીકળી જતાં અનુભવ થાય. આહાહા! આ નથીમાં છે થઇ જાય? આ વાત બધી (નવી) વાત છે ઝીણી, લોઢા કાપે છીણી. આ વાત ઝીણી છે જરાક!

આ બધું શાસ્ત્રમાં છે હો? છે નથી, છે નથી એ બધું (શાસ્ત્રમાં છે). આત્મા આત્માને જાણે છે એ પણ છે અને આત્મા આત્માને નથી જાણતો ત્યારે જણાય જાય છે એમ પણ છે. આ બધું સમયસારમાં ભરેલું છે. પણ કયાં ફુરસદ! આહાહા! કોઈ બહારગામથી યોજના લઈને આવે, ફોરેનમાંથી. કે તમારો આખો ફેકટરીનો માલ હું બાર મહિનાનો લઈ લઈશ. કોઈ ફોરેનમાંથી આવે પણ રાતના બે વાગ્યે મને ટાઈમ છે. તો કહે સાહેબ! હું જાગીશ. ઉંઘ ન આવે! ઘડીયાલ જોયા કરે, દોઢ વાગ્યો, પોણા બે વાગ્યા, બે વાગ્યા ડેલાનો અવાજ આવ્યો. હં... આવ્યા સાહેબ! પાછું સવારો સવાર સુધી જાગે પાછો યોજનામાં આહાહા! તેમાં એને ટાઈમ મળે, પણ શાસ્ત્ર સ્વાધ્યાય કરવાનો ઘરે એકાંતમાં ટાઈમ મળે નહીં.

એક બનાવ બની ગયેલો. વાત કરું. બનાવ બનેલાની વાત છે. અમારા ગામમાં મૂળજી ચત્રભૂજ લાખાણી સેક્રેટરી હતા. કેટલાક તો ઓળખતા હશે. અત્યારે ગુજરી ગયા. એ મોટી ઉંમરના હતા. એ વખતે મારાથી ઘણી મોટી ઉમર એની. તો મંદિરે રોજ આવે અને બાકળા ઉપર વ્યાખ્યાન પહેલાં બેસે. એ વખતે હું વાંચતો હતો. ઘણા વર્ષ પહેલાંની વાત છે.

એક દિવસ મને કહે, લાલુભાઈ! હું તો નિગોદમાં ચાલ્યો જાઈશ. અરે! આવા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ને આપણે ગુરુ મળ્યા અને નિગોદમાં જાવાની વાત કેમ કરો છો? કહે, લાલુભાઈ! મારા પરિણામને હું જાણું છું હો! બીજું કોઈ જાણે નહીં. મારા પરિણામ એવા છે કે હું મારી ગતિ નીચલી ગતિમાં ચાલ્યો જઈશ. ત્યારે સાંભળી લીધું હતું. હું કાંઈ બોલ્યો નહીં. પછી વળી અઠવાડીયું, પંદર દિવસ થયા અને એ ને એ શબ્દો આવ્યા. ત્યારે મેં કહ્યું કે મૂળજીભાઈ! આ તમે દિગંબર થયાને (પણ) ન થયા હોત તો સારું હતું. સ્થાનકવાસી હતા ને ઈ, અરે શું કહો છો મને? મૂળ તો પક્ષ છે ને દિગંબરનો. શું કહો છો? શું કહેવા માગો છો? જરાક મારે એને ચીંટીયો ભરવો હતો. ઠેકાણે લાવવા માટે. શું કહેવા માંગો છો? મેં કીધું તમે જુઓ! સાંભળો! સ્થાનકવાસીનો ધર્મ પાળતા હતા, હું પણ સ્થાનકવાસીમાં હતો. પણ ત્યારે તમે બે ઘડીની સામાયિક બાંધીને બેસતા હતા? તો કહે, હા, બેસતો હતો. તો મેં કીધું હવે બે ઘડી સ્વાધ્યાય કરવા બેસો છો? ના નથી બેસતો. તો પછી તમે સ્થાનકવાસી હતા તે સારા હતા.

શું તમે કહેવા માંગો છો? મેં કીધું સ્વાધ્યાય કરો બે ઘડી! તો કહે સ્વાધ્યાય કરું તો હું ઘણી જગ્યાએ ટ્રસ્ટી, ઘણી જગ્યાએ પ્રમુખ, ઘણી જગ્યાએ સેક્રેટરી એકદમ એટલે ચોપડી લઈને સહી કરાવવા આવે, ..અહીંયાં આમ છે ને તેમ છે ને. .. મેં કીધું એક રસ્તો બતાવું. શું રસ્તો? મેં કીધું કસુંબાબહેનને કહી દેવાનું કોઈ આવે તો કહેજો કે શેઠ સામાયિકમાં બેઠા છે. તમારે રૂમમાં અંદરથી બંધ કરી દેવું. અંદરથી (બંધ કરવું) બહારથી નહીં. અંદરથી બંધ કરીને બેસી જાવું બે ઘડી અને સ્વાધ્યાય કરો તમે. ભલે! કાલથી કરીશ. એ ભાઈ! ખરેખર બીજા દિવસથી એમણે સ્વાધ્યાય શરૂ કર્યો. અને રોજ અમે બાકડે બેસીએ. હું પૂછું નહીં કે તમે સ્વાધ્યાય ચાલુ કર્યો? એને કરવું હોય તો કરે. આપણે તો કહી દીધું. કહીને છૂટી ગયા. કોઈ કરે કે ન કરે. એ છ મહિના થયા રોજ બેસીએ. એમાં છ મહિને બોલ્યા, લાલીયા! હું મોક્ષમાં જાવાનો છું. પ્રેમનો શબ્દ. અરે! શું થયું આ! અચરજ થયું. મારો અવશ્ય મોક્ષ છે. હવે નિગોદમાં... અરે! નિગોદની વાત ન કરો. આ જો જો ભાઈ! સ્વાધ્યાયનો ચમત્કાર! મારો કહેવાનો આશય તો આ બધાને, બધાને પ્રેરણાની વાત છે આ. બનેલો બનાવ છે. કોઈ બનાવટી વાત નથી. બનેલા બનાવની વાત કરું છું. છ મહિને તો એની પરિણતિ ફરી ગઈ. આહા! લાલીયા! હું તો મોક્ષમાં જવાનો છું. મોટી ઉંમરના તો કહે. એમાં શું આપણે તો બાળક છીએ. પ્રેમના શબ્દ ભગવાનને તુંકારે હુંકારે બોલાવે કે નહીં? એમ. આહાહા!

પછી જયાં હું મુંબઈ જાવને ત્યાં જમવાનું કહે બધા. જમવાનું કહેવા માટે આવે ને? મેં કીધું ભાઈ જુઓ! હું જમવા તો આવું, મારી ના નથી. પણ મારો ટેકસ ભારી છે એ ચૂકવવો પડશે. એ લોકો બધા સમજી જાય કે પૈસા તો માંગતા નથી. માંગવાનો રીવાજ નથી. ભલે અમે ટેકસ ચૂકવશુ. ચૂકવવો પડશે હો? હા ચૂકવશુ. આવો જમવા. જમવા જાઉં. જમીને બધા આખું કુટુંબ બેસે. પછી ઉઘરાણી કરે. બોલો અમારે શું ટેકસ ચૂકવવાનો છે. મેં કીધું શરૂઆતમાં અડધો કલાક અને પછી કલાક, દોઢ કલાક, બે કલાક તમારી અનુકૂળતાએ રોજ સ્વાધ્યાય કરવો. આ મારો ટેકસ છે. સમજાણું? અહીંયાં હું જયાં ઉતર્યો છું તેના ઉપર પણ આ ટેકસ નાખવામાં આવે છે. એ તો બધા કરે છે સ્વાધ્યાય. આ તો વાત થાય છે. આ પાપના વિચારો કરવા જેવા નથી. બચી જાય. પાપથી બચે અને પુણ્યની એકતાબુધ્ધિ છૂટે અને આત્માનો અનુભવ થાય. એવો સ્વાધ્યાયનો ચમત્કાર આ ગુરુદેવે આપણને લાઈન દોરી બધી આપી છે.

卐